# <u>કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, અરણેજ દ્વારા ટેકનોલોજી વીકનું આયોજન</u>

તા. ૧૧/૧૧/૨૦૨૫ થી ૧૭/૧૧/૨૦૨૫ દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, અરણેજ દ્વારા ટેકનોલોજી વીકનું આયોજન ડો. વિરેન્દ્ર પરમાર (વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા) ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. ટેકનોલોજી વીક દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેવા કે તાલીમ પ્રોગ્રામ, લાઇવ ડેમોન્સ્ટ્રેશન, સ્વચ્છતા પ્રોગ્રામ, બિયારણનું વેચાણ વગેરે. સદર કાર્યક્રમ દરમિયાન તાલીમમાં પ્રાકૃતિક કૃષિના આધાર સ્થંભો તેમજ પ્રાકૃતિક ખેતીમાં ડ્રોનનું મહત્વ, કિચન ગાર્ડન, બાગાયતી પાકો અને તેનું પ્રોસેસિંગ, પશુપાલનની નવીન ટેકનોલોજી અને વૈજ્ઞાનિક રીતે પશુપાલન, કૃષિમાં ICT નો ઉપયોગ જેવા વિષયો આવરી લેવામાં આવ્યા હતા. અમદાવાદ જીલ્લા ૩૫૦ જેટલા ખેડૂત ભાઈ બહેનોએ હર્ષભેર ભાગ લીધો હતો અને કચેરી દ્વારા ચણા (જીજેજી ૬ – ૧૨૫૦ કિગ્રા), સુવા (જીએડી ૧ – ૮૭ કિગ્રા) અને ઘઉં (જીએડીડબલ્યુ ૩ – ૪૨૮૦ કિગ્રા; કેઆરએલ ૨૧૦ – ૫૬૦ કિગ્રા) નું વેચાણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત ખેડૂત ભાઈ બહેનોને ચણાની જાત જીજી ૮, ઘઉંની જાત જીડબલ્યુ ૪૫૧ તથા જીડબલ્યુ ૫૧૩, જીરૂની જાત ગુજરાત જીરું ૪, અશ્વગંધામાં જીએએ ૧, અસડીયામાં જીએ ૧ જેવી સુધારેલી જાતોના નિદર્શનો પણ ખેડૂત ભાઈ બહેનોને આપવામાં આવ્યા હતા. સદર કાર્યક્રમને સફળ બનાવવા માટે ડો. નિતીન રાઠોડ (વૈજ્ઞાનિક), ડો. ભાસ્કર જેઠવા (વૈજ્ઞાનિક), ડો. નિતિન પટેલ (વૈજ્ઞાનિક), ડો. હર્ષ દેસાઈ (વૈજ્ઞાનિક) અને નેહાબેન શેઠવાલા (પ્રોગ્રામ આસીસ્ટન્ટ) ફાળો આપ્યો હતો.










WELCOME

